શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62





જુલાઈ અંક - ૭
વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૩૨
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સ્વર્ણિમ ફંડ



ગં.સ્વ. પદમાબેન નરેન્દ્રભાઈ પંચોલી
જ.તા. ૨૫.૦૯.૧૯૪૬



સ્વ. નરેન્દ્રભાઈ નારણભાઈ પંચોલી
જ.તા. ૨.૧૧.૨૦૪૦ સ્વ. તા. ૨૨.૫.૨૦૧૫

વડોદરા નિવાસી ગં.સ્વ. પદમાબેન અને સ્વ. નરેન્દ્રભાઈ નારણભાઈ પંચોલી સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડ તરીકે હસ્તે. જયેશકુમાર નરેન્દ્રભાઈ પંચોલી તથા ફેમીલી તરફથી રૂા. ૫૧,૦૦૦/- અંકે રૂા. એકાવન હજાર પુરા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને મળ્યા છે.

## અર્પણકર્તા

ગં.સ્વ. પદમાબેન નરેન્દ્રભાઈ પંચોલી
જયેશકુમાર નરેન્દ્રભાઈ પંચોલી રૂપલબેન જયેશકુમાર પંચોલી
ચિ. ચિરાગકુમાર જયેશકુમાર પંચોલી
કુલીનકુમાર એસ. પંચોલી આશાબેન કુલીનભાઈ પંચોલી – વ્યારા
ધીરેનકુમાર એચ. મિસ્ત્રી નયનાબેન ધીરેનભાઈ મિસ્ત્રી – લેસ્ટર
વિપુલકુમાર જે. મિસ્ત્રી દક્ષાબેન વિપુલભાઈ મિસ્ત્રી – મુંબઈ
ચિ. ચિંતન કુલીનકુમાર પંચોલી શ્રીમતિ દિશા ચિંતન પંચોલી
ચિ. માનસી વિપુલકુમાર મિસ્ત્રી

B/15, અનુપમ નગર સૉસાયટી, ટ્યુબ કંપની નજીક, ઑલ્ડ પાદરા રૉડ, વડૉદરા.
મૉબાઈલ નં. ૯૮૯૮૦ ૩૭૮૮૭

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જુલાઈ – ૨૦૧૬**

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા :**

માસિક : પંચોલી નવયુગ

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

નવયુગ શુભેચ્છક ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

નવયુગ શુભચિંતક ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત – ૧૦/–**

**વાર્ષિક લવાજમ – ૧૦૦/–**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

જો વસંત ઋતુ કવિઓનો રસથાળ બનીને આવે છે, તો વચ્ચે ગ્રીષ્મ ઋતુનો ગરમ પડદો હટાવીને આવતી વર્ષાઋતુની મોજમાં બાળકો ભાગ પડાવે છે. આભેથી ઉતરતી જળધારાઓને ઝીલવા નાના હાથ ફેલાવીને ગગન સામે મીટ માંડી રહેલા ભૂલકા નજરે પડી જાય તો જાણે એમનો બસ! એક નજરે જાયા જ કરીએ.. બાજુમાં ઉભેલા ઈશ્વરને પણ 'જરા થોભો' કહેવાનું મન થઇ આવે... વર્ષાનો આવો રમ્ય માહોલ કશે સર્જાયો છે... અને કશે નથી સર્જાયો... વર્ષાનું આગમન થયું પણ બરાબર નહીં... અમૂક જગ્યાએ મન મુકીને મેઘો વરસ્યો અને અમૂક જગ્યાએ થોડો થોડો અને અમૂક જગ્યાએતો વાદળો ઘેરાય છે... વાતાવરણ વરસાદી મહોલ ઉભો કરે છે અને પછી ટાઇ ટાઇ ફીસ....પરંતુ આશા અમર છે.. હજુ ચોમાસુ માટેનો સમય ઘણો બાકી છે. વરસાદ સાથે સાથે કાદવ, કીચડ, ભેજવાળુ વાતાવરણ, મચ્છર માખીનો ઉપદ્રવ વિગેરે ચોમાસામાં જ થાય છે... આથી આરોગ્યનું વિશેષ ધ્યાન ચોમાસામાં જ રાખવાનું હોય છે..

ચોમાસાનું આગમન એટલે રોગોની સીઝન મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઇફોઇડ વિગેરેનો ઉપદ્રવ વધે છે. એટલે ખાસ કાળજી રાખવી. ઘરમાં કે ઘરની બહાર મચ્છરના ઉદ્ગમ સ્થાન દૂર કરવા જોઇએ.. બહારનું, લારી ગલ્લાનું ખાવાનાથી બની શકે તો દૂર રહેવું. અને શ્રાવણમાસનો પવિત્ર તહેવાર એટલે ઉપવાસનું વધારે મહાત્મય.. ચર્તુમાસ દરમ્યાન અઠવાડીયામાં કોઈપણ એક વાર ઉપવાસ રાખવાનો નિયમ લઇ લઇએ.. આથી પૂણ્ય સાથે આરોગ્યની પણ સાચવણી... એક કાંકરે બે પક્ષી...

અષાઢ માસમાં રથયાત્રા થશે... બળેવ, જન્માષ્ટમી, રાંધણછઠ, શીતળાસાતમ, ગણેશ ચતુર્થી શરૂ થશે તહેવારોની વણઝાર... છેક દિવાળી સુધી. જેમ જેમ તહેવારો આવતા જશે એમ રજા પણ પડશે.. બાળકો પણ ખુશ અને નોકરઆતો પણ ખુશ ....રજા.. રજા... અને મઝા.. મઝા..

મોરલાનાં ટહૂકા.... દેડકાની ડાંઉ ડ્રાંઉ... સાથે ચોમાસાની ઋતુને મન ભરીને માણીએ....



# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

તમામ વિદ્યાર્થીઓનું વેકેશન પૂર્ણ થયું. મેઘરાજાના વધામણાંની રાહ જોવાય છે.. અને કોઇ જગ્યાએ પધારમણી કરી પણ દીધી છે... એવા વરસાદી માહોલમાં સર્વે જ્ઞાતિજનોને નમસ્કાર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની આગામી સામાન્ય સભા તા. ૧૦.૭.૨૦૧૬ને રવિવારના રોજ સ્વામીનારાયણ મંદિર, ઝાડેશ્વર ભરૂચ ખાતે મળનાર છે. દરેક એકમોમાંથી પદાધિકારીઓ, મહિલા મંડળ તથા સ્વયં ગૃપના યુવાન મિત્રો ને હાજર રહેવા ખાસ વિનંતી કરું છું.

મહામંડળનું હાલનું વ્યાજ વપરાશ ફંડનું ભંડોળ જોઇએ તો રૂા. ૭૦ લાખની આસપાસ થવા જાય છે. આપણે ૨૦૨૦ ના વર્ષ સુધીમાં તેને એક કરોડના લક્ષ્યાંક પર લઇ જવાનું છે. તે માટે તમામ જ્ઞાતિજનો પાસે મંતવ્યો મંગાવવામાં આવેલ હતાં પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે સમાજ માંથી કોઇ એકપણ જ્ઞાતિજન પાસેથી મંતવ્ય મળ્યું નથી. મિત્રો આ અંગે જરૂરી મંથન કરશો... આ મુદ્દો આપણે આગામી સામાન્ય સભામાં ચર્ચામાં લઇશું..

યુ.કે. નિવાસી એક સજ્જન તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને ગત વર્ષે રૂા. ૫૧,૦૦૦/- મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં તથા રૂા. ૫૧,૦૦૦/- શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડમાં મળેલ હતાં. જેમાં એક બહેન તરફથી તેમની ૬૦મી વર્ષગાંઠ તથા સાસુ-સસરાના સ્મરણાર્થે હાલમાં રૂા. ૨૫,૦૦૦/- મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં તેમન રૂા. ૨૫,૦૦૦/- શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડમાં  ઉમેરો કરવામાં આવ્યો છે...

વડોદરા નિવાસી ગં.સ્વ. પદમાબેન અને સ્વ. નરેન્દ્રભાઇ નારણભાઇ પંચોલી સ્વર્ણિમ વ્યાજ વપરાશ ફંડ તરીકે શ્રી જયેશકુમાર નરેન્દ્રભાઇ પંચોલી તથા પરિવારજનો તરફથી રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન મળ્યું છે...

રાજપીપલા નિવાસી સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે તેઓશ્રીના પરિવારજનો તરફથી સ્વર્ણિમફંડમાં પાંચ વર્ષ માટે એક સાથે ૧૫,૦૦૫ મળ્યા છે... ત્રણેય દાતાશ્રીઓના પરિવારજનોનો હાર્દિક આભાર માનું છું.

યુવા મિત્રો ક્રિકેટ ટુર્નામેન્ટની રાહ જોઇને બેઠા છે... યુવાનોના ફોનો પણ આવે છે... ક્રિકેટ મેચ કયારે ? અને કયાં ? રાજપીપલા એકમ આ આયોજન કરે તો પાલ વિભાગના ઘણાં એકમોના યુવાનો ક્રિકેટ ટુર્નામેન્ટમાં નજીકમાં આવતું સ્થળ હોવાથી ભાગ લઇ શકે.. રાજપીપલા એકમ આ અંગે જરૂરી આયોજન કરે એવી વિનંતી કરું છું. પાલ વિભાગમાં અધિવેશન કરવા માટે તે વિભાગના કાર્યકરોને છેલ્લા બે વર્ષથી વિનંતી કરું છું... તો આ વાત ધ્યાનમાં લઇ પાલ વિભાગના કાર્યકરો વિચાર વિર્મશ કરી જરૂરી આયોજન કરે તો એક સુંદર કાર્યક્રમ પાલવિભાગમાં કરી શકીએ એમ છીએ... મહિલા મંડળ તથા યુવા સંગઠનના મિત્રો આ બાબતે જરૂરી આયોજન કરી તે વિભાગના પદાધિકારોઓ સાથે ચર્ચા કરવા વિનંતી કરું છું..

મહામંડળની ૫૦ વર્ષના ઉજવણી પ્રસંગે અને સમાજનાં તમામ નાના-મોટા ભાઇ-બહેનો નો સહકાર પ્રાપ્ત થાય અને જરૂરીઆતમંદ જ્ઞાતિજનો ને આપણે પૂરતી રકમની સહાય આપી શકીએ એ માટે ‘સ્વર્ણિમ ફંડ’ની રચના કરવામાં આવી ઘણાં મિત્રો તરફથી સારો સહકાર પ્રાપ્ત થયો છે. તમામ દાતાઓનો આભાર વ્યકત કરું છું. ઘણાં મિત્રો તરફથી હજુ સહકાર પ્રાપ્ત થયો નથી. આવા નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

# અગીયારમી પૂણ્યતિથિએ હાર્દિક હૃદયાંજલિ..



## સ્વ. કાંતિલાલ મણીલાલ પંચોલી

જન્મ : ૨૨ : ૦૩ : ૧૯૪૫ સ્વર્ગવાસ : ૦૫ : ૦૭ : ૨૦૦૫

સુખને છલકાવ્યું નહી, દુ:ખને દેખાડયું નહી, ધુપસળીની માફક જીવન જીવી સુગંધ ફેલાવી,
આપના અથાક પરિશ્રમે અમારા જીવન ઉજાળ્યા, જીવનભર મહેનત કરી દુ:ખના દરિયા વેઠી,
સૌને સુખ સાગરમાં તરતાં મૂકી ગયા....
આપના મિલનસાર અને નિખાલસ સ્વભાવનો અમૂલ્ય વારસો અમે કદી ભુલી શકીએ તેમ નથી,
તમારો નિ:સ્વાર્થ પ્રેમ યાદ કરતા આંખો અશ્રુ સારે છે......
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
દશમી પૂણ્યતિથિએ અમારા સૌની પ્રાર્થના સહ હૃદયાંજલી....

## અર્પણકર્તા

ગં.સ્વ. શોભનાબેન કાંતિલાલ પંચોલી

શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી
શ્રીમતિ અપેક્ષા ફાગુન પંચોલી
ચિ. વિધિ ફાગુન પંચોલી
ચિ. જશ ફાગુન પંચોલી
કાંદીવલી(ઈસ્ટ) મુંબઈ

શ્રી મનિષ કાંતિલાલ પંચોલી
શ્રીમતિ કેતના મનિષ પંચોલી
ચિ. સાગર મનિષ પંચોલી
.......
અલંકાર–મુંબઈ

# હાર્દિક અભિનંદન



## ચિ. નંદિનીને

CBSCના 10th Std. માં 93CGP Percentile
મૅળવી ઉત્તિર્ણ થયા....

### શુભેચ્છક

રાજેન્દ્રભાઈ મિસ્ત્રી (દાદા)
ઈન્દિરાબેન મિસ્ત્રી (દાદી)
મનિષ મિસ્ત્રી (મોટા પપ્પા)
સુનિતા મિસ્ત્રી (મોટી મમ્મી)
ચેતન મિસ્ત્રી (પપ્પા) મેઘના મિસ્ત્રી (મમ્મી)
આશિતા મિસ્ત્રી (ફોઈબા)
અને
આદિત્ય, માનવ અને માર્મિક (ભાઈઓ)
નાની ટેણકી હેત્વી (બેના)

૨૪, પરમેશ્વર પાર્ક, પન્ના ટાવરની પાછળ,
ન્યુ રાંદેરરોડ, સુરત ૩૯૫ ૦૦૯

# તૃતીય પૂણ્યતિથિએ હૃદયાંજલી



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**
જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩
અષાઢ સુદ એકમ

દિવસો વિતતા ચાલ્યા... મહિનાઓ વિતતા ચાલ્યા..
વર્ષો વિતતા ચાલ્યા... છતાંય મન માનવા તૈયાર નથી...
કે તમારી હયાતી નથી...
હૃદયના એક ખૂણામાં એક આશા હજીય હયાત રહી છે...
કે ક્યારેક તો તમે આવશો.. ક્યારેક તો તમે મળશો....

તૃતીય પૂણ્યતિથિએ પ્રભુ આપના આત્માને
ચિર:શાંતિ અર્પે એજ અમારી હૃદયાંજલી...

### અર્પણકર્તા

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
ચિ. ચૈતાલી નંદકિશોરભાઈ પંચોલી
૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૯૮૯૫૨

નમસ્કાર




ઉડાન પ્રથમ અધિવેશનની સફળતા બાદ સ્વયં સુરત મુકામે મહામંડળના સથવારે ફરીથી આપના માટે લઈને આવી રહ્યું છે બીજુ યુવા અધિવેશન....

## 'ઉડાન – ૨૦૧૭

સ્વયં સુરત દ્વારા ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સુરત મુકામે ઉડાન-૨૦૧૭નું આયોજન કરવામાં આવશે, જેનું સ્થળ પછીથી જાણ કરવામાં આવશે. આ વખતનું યુવા અધિવેશન યુવાનો એક થીમ ઉપર લઈને આવી રહ્યા છે. આ થીમ છે ફેમીલી.

પારિવારીક સંબંધોના તાણાવાણામાં ગુંથાયેલી જિંદગીના રંગે આ વખતના ઉડાનને રંગવાનો પ્રયત્નો યુવાનો દ્વારા કરવામાં આવશે...

ગયા વખતના ઉડાનની જેમ આ વખતે પણ આપના સહકારની અપેક્ષા છે. જે માટે

વેન્યુ સ્પોન્સર : રૂા. ૧૨,૦૦૦/-ના ૩ સ્પોન્સર,
ભોજન સ્પોન્સર : રૂા. ૫,૦૦૦/-,
ચા-નાસ્તા સ્પોન્સર : રૂા. ૨,૫૦૦/-
તથા ભેટ આવકાર્ય છે.

ઉડાન-૨ એન્ટ્રી ફી રૂા. ૧૫૦/- પ્રતિ વ્યકિત રાખવામાં આવી છે. આપનું રજીસ્ટ્રેશન કયાં કરાવવું એ આગામી નવયુગ દ્વારા જાણ કરવામાં આવશે.

આ ઉપરાંત દરેક એકમના સ્વયં ગ્રુપને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે થીમ ફોલો કરવી જરૂરી નથી. પરંતુ પ્રોગ્રામની ગરિમા જળવાય એવી જ એન્ટ્રી આવકાર્ય રહેશે. આપની એન્ટ્રી અગાઉથી મોકલવાની રહેશે. વધુ જાણકારી આપને નવયુગ, સમાજની વેબસાઇટ તથા અન્ય માધ્યમો દ્વારા પહોંચાડવામાં આવશે..

મૃદુતા પી. પંચોલી
અધ્યક્ષા (સ્વયં) મો. ૯૯૨૪૨ ૧૧૭૨૨

## શ્રદ્ધાંજલી



**ચક્ષુદાતા સ્વ. ગં.સ્વ. રમેશચંદ્ર નટવરલાલ પંચોલી**
જન્મ : ૧.૧.૧૯૪૫ સ્વર્ગવાસ : તા. ૩૧.૦૭.૨૦૧૫
પ્રભુ આપના આત્માને બીજી પૂણ્યતિથિએ
ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**અર્પણકર્તા**
ગં.સ્વ. કસુમબેન રમેશભાઇ પંચોલી
હેમંતભાઇ આર. પંચોલી - શીલપાબેન એચ. પંચોલી
સચીનભાઇ આર. પંચોલી - નિમિષા એસ. પંચોલી

૧૦૮-સી, કલ્યાણબાગ સો. માંજલપુર વડોદરા-૧૧
મો. ૯૮૭૯૩ ૩૫૪૫૧/૯૮૨૮૪ ૨૫૭૬૦

## Shaadi.Com



નામ : **જયરાજ**
પિતા : હસમુખલાલ અંબાલાલ પંચોલી
માતા : કુસુમબેન
જન્મ તા. : ૧૦.૦૭.૧૯૯૦ સમય : રાત્રે ૪.૩૦ કલાકે
ઉંચાઇ : ૫' ૨'' વજન : ૫૪ કિલો
અભ્યાસ : Post Basic BSc. Nursing(P.B.B.Sc.)
સર્વિસ : રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઝોઝ, જિ. છોટાઉદેપુર (ગર્વમેન્ટ જોબ)
ભાઇ/બહેન : બન્ને પરણિત
મંગળ/શની : નથી
સરનામુ : ૨, અક્ષર ટેનામેન્ટ, અંબાલાલ પાર્ક પાસે, કલાદર્શન ચાર રસ્તા, વાઘોડિયારોડ, વડોદરા.
મો. ૯૪૨૭૩ ૪૫૦૧૦/૯૯૯૮૦ ૦૭૯૬૪/૭૬૨૧૮ ૨૫૪૧૮

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૫ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

**S.S.C. અને H.S.C. માં માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી...**

- S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજ્યુએશન, પૉષ્ટ ગ્રેજ્યુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફ્સ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઈલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઈચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફક્ત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફ્સ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફ્સ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......
- **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૬ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

**વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ડો. બેંક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

# સ્વર્ણિમ ફંડ

**સ્વર્ણિમ ફંડને એક વર્ષ પૂર્ણ થયું છે... જેમણે જે રકમ પાંચ વર્ષ માટે આપવાની સંમતિ દર્શાવી છે.. તેઓ આ વર્ષે સંમતિ દર્શાવેલ રકમ મોકલાવે એવી વિનંતી છે...**

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# આપણે જીવીએ છીએ શાના માટે? (હાસ્ય લેખ)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

પતિ : હજી સુધી જમવાનું તૈયાર નથી થયું? હવે રહેવા દે, હું બહાર જમી લઈશ.

પત્ની : પાંચ મિનિટ રાહ જુવો.

પતિ : કેમ, પાંચ મિનિટ માં જમવાનું તૈયાર થઇ જશે?

પત્ની : ના, પાંચ મિનિટમા હું તૈયાર થઇ જઈશ. હું પણ આજે તમારી સાથે હોટલમાં જ જમી લઈશ.

પતિ પત્ની વચ્ચેનો આ સંવાદ બતાવે છે કે હોટલના એટલે કે રેસ્ટોરાંના ખાણાની મજા જ કંઈ અનેરી હોય છે. બાળકો પણ 'આજે તો હોટલમાં ખાવા જવાનું છે' એમ સાભળે તો અતિ આનંદ માં આવી જાય છે. પત્ની કલાક બે કલાક ની મહેનત બાદ રસોઈ તૈયાર કરે છે, અને પતિ ઓફીસ જવાની હાય વોય મા પાંચ કે દસ મિનિટ મા રસોઈ ઝાપટીને ઊભો થઇ જાય છે. જો કે એ જ ગૃહસ્થ કોઈ હોટલમાં જમવા જાય છે ત્યારે ખુબ જ શાંતિ પૂર્વક અર્ધો કલાક કે એક કલાક જમવામાં ગાળે છે.

ઘરમાં પત્નીને રસોઈ બનાવતા પાંચ દસ મિનિટ મોડું થઇ જાય તો પગ પછાડતો, સ્વસ્તિ વચનો સંભળાવતો કે જમ્યા વિના ઓફેસે જતા રહેવાની ધમકી આપતો પતિ, રજાના દિવસોમાં હોટલની લાંબી લાઈનમાં ઊભા રહી, કે કલાક વેઈટીંગ રૂમમાં બેસીને વારો આવવાની રાહ જોતો, શાંતિથી જમવા તૈયાર થાય છે. આના પરથી પણ અનુમાન કરી શકાય છે કે ઘરનાં ખાવાનાં કરતા હોટલનું ખાવાનું કેટલું સ્વાદિષ્ટ, ચટાકેદાર અને લિજ્જતદાર હોય છે. આમ હોટલ જ એક એવી સંસ્થા છે કે જે એક 'ગૃહસ્થ' ને 'સદ ગૃહસ્થ' બનાવે છે.

ઘરમાં તો પત્ની એ જે દિવસે, જે વેળાએ, જે કંઈ બનાવ્યું હોય તે ખાવું પડે છે, એમાં પસંદગીને કોઈ અવકાશ નથી. જ્યારે હોટલમાં મેનુ માથી મનપસંદ વાનગીઓ મંગાવવાનો અવકાશ હોય છે. એનાથી સ્વાદેન્દ્રિય વધુ તીવ્ર થાય છે અને પાચેન્દ્રીય વધુ કાર્યરત થાય છે. વાનગીઓમાં જરા પણ કંઈ ગરબડ લાગી તો પૂરા વટથી એને બદલાવી શકાય છે. જ્યારે ઘરમાં? વધુ પડતા નમક કે મરચાની વાત કરી તો શ્રીમતીજી ને મરચા લાગી જાય છે, અને એ એકતરફી ચર્ચા થી શ્રીમાનના આંખમાં પાણી લાવીને જ જંપે છે. પછી તો પતિ પણ આવા સ્વાદભર્યા (??) ભોજનથી ટેવાઈ જાય છે, અને 'આ તો રોજ નું થયું' એમ મનમાં બબડી ચુપચાપ જમીને ઊભો થઇ જાય છે.

એવું કહેવાય છે કે 'વાનગી બનાવનાર અને પીરસનાર ના મૂડ ની અસર જમનારના પાચનતંત્ર પર થતી હોય છે. હિંગ – હળદરની વાસ અને ડાઘ વાળા કપડા પહેરેલી, અસ્ત વ્યસ્ત વાળ વાળી અને ચઢેલા મોં અને બગડેલા મૂડ વાળી વાઈફ રોટલી પીરસે તે કરતાં સુઘડ યુનિફોર્મ વાળો વેઈટર, સસ્મિત વદને રોટલી પીરસે તો માણસને બે રોટલી વધારે ખાવાનું મન થાય એ સમજી શકાય એવી વાત છે. (છેવટે પૈસા તો બન્ને જગ્યાએ ચૂકવવાના છે)

ઘરમાં જમવા બેઠા હોય ત્યારે ક્યાં તો છોકરાઓ કકળાટ કરતા હોય, અથવા તો ટીવી પર કાવાદાવા વાળી કે ઢીશુમ-ઢીશુમ બ્રાંડ સીરીયલો કે મૂવી ચાલી રહ્યા હોય, યા તો પડોશમાંથી ઝઘડાનો અવાજ આવી રહ્યો હોય. ત્યારે તમે જ કહો ભલા, કોઈ માણસ શાંતિથી જમી જ કઈ રીતે શકે? જ્યારે હોટલમાં તો મંદ મંદ પ્રકાશ વેરતી લાઈટ્સ હોય, ટેબલ પર ફ્લાવર વાઝમાં સરસ મજાના ફૂલો મૂક્યા હોય, સુમધુર સ્વરે સંગીત રેલાતું હોય ત્યારે? અહાહાહા! જમવાની જે લિજ્જત આવે છે તે હોટલમાં જમ્યા હોય તે જ જાણે.

ઘરમાં તો એનુ એ જ રસોડું, એ ના એ જ ટેબલ-ખુરશી, એ ની એ જ રસોઈ, એ ના એ જ છોકરાં, એ ની એ જ વાઈફ...ઉફ! જ્યારે જુદી જુદી હોટલમાં, જુદા જુદા

વાતાવરણમા અને ભાગ્યમાં હોય તો જુદી જુદી કંપનીમાં, જમવાનું જેના નસીબમાં લખાયેલું હોય એ જ ભોગવી શકે. ન ભોગવી શકનારા ઈર્ષ્યા વશ કહે છે, ' હોટલનું ખાણું વાસી, તળેલું અને વધુ પડતું મસાલેદાર હોઈ, આરોગ્યને નુકસાન કરે છે, 'ગઈ કાલના ગાંઠીયા આજ ની ચટણી હોય છે.' તો એમને એટલું જ કહેવાનું કે ચટણી ચટાકેદાર હોય છે અને એની જ માંગ વધુ હોય છે.

મારું તો એ કહેવું છે કે, ક્યારેય હોટલમાં નહિ ખાનારા, ફક્ત ઘરમાં જ ખાનારા ક્યારેય માંદા નથી પડતા શું? મેં તો 'આરો' નું પાણી પીનારા ને જ કિડનીના રોગ નાં ભોગ બનતા વધુ જોયા છે. ( આ તો માત્ર મારું અવલોકન અને મારો અભિપ્રાય છે) બાકી આ પેટનું તો પેલી પટલાણી જેવું છે, જેમ પાળો એમ પળે.

એક સરપંચ પટેલને ત્યાં એક ખેલ કરનારો આવ્યો. એણે મોટી વજનદાર ભેંસ ને ખભા પર ઊંચકી બતાવી. પટેલે ખુશ થઈને એને એક સો એક રૂપિયા ઇનામ આપ્યું. એ જોઈ પટલાણી બોલ્યા, 'એમાં શું નવાઈ? આ તો કોઈ પણ કરી શકે.' પટેલે કહ્યું, 'તમે કરી બતાવો તો તમને પાંચ સો એક રૂપિયા આપું.' પટલાણી એ છ મહિનાની મુદત માંગી. છ મહિના પછી પટલાણીએ પણ મોટી વજનદાર ભેંસ ઊંચકી બતાવી. પટેલે પાંચ સો એક રૂપિયા આપતા પૂછ્યું, 'પટલાણી, આવું શી રીતે બન્યું?' પટલાણી બોલ્યા,' પ્રેકટીસથી, આપણી ભેંસને પાડી જન્મી તે દિવસથી મે રોજ એને ઊંચકવાની પ્રેકટીસ કરી, પાડીની ભેંસ બની ત્યા સુધી રોજ એને ઊંચકવાની પ્રેકટીસ થી ભેંસ ઊંચકી શકી.'

પ્રેકટીસથી માણસ શું ન કરી શકે? પથરા પણ પચાવી શકે. અમે દર ઉનાળે શેરડીનો રસ અઠવાડિયા માં ત્રણ દિવસ પીએ છીએ. અમારા પાડોશીએ દેખાદેખીમાં એક ઉનાળે શેરડીનો રસ આખી સિઝનમાં માત્ર ત્રણ વખત પીધો, એમાં એમને કમળો અને કમળામાં થી મીસીસ કમળો (કમળી) થઇ ગઈ, નસીબની બલિહારી બીજું શું?

ઘણા કહે છે કે, હોટલમાં જે વાસણોમાં રાંધવામાં આવે છે તે બરાબર સાફ નથી હોતા. ઘરમાં પણ કામવાળા ન આવે ત્યારે એવું જ હોય છે ને? કેટલાક કહે છે કે, હોટલમાં ગ્લાસમાં ગ્રાહકોએ વધારેલા એંઠા પાણીમાં જ બીજું પાણી ઉમેરીને બીજા ગ્રાહકોને પધરાવી દેવામાં આવે છે. પોઝીટીવલી વિચારીએ તો એ રીતે 'પાણીનો બચાવ' જ થાય છે ને? પાણીનો બચાવ કરવું કેટલું જરૂરી છે. તમે જ કહો, એઠું ખાવું બિન આરોગ્યપ્રદ હોત તો ભગવાન શ્રી રામ શબરીના એંઠા બોર ખાત ખરા?

એક હોટલમાં અમે ચા પીવા ગયા ત્યારે વેઈટરે પૂછ્યું, 'મેમસાબ કઈ ચા લાવું? બાદશાહી કે જનતા?' અમે પૂછ્યું, 'એ બે માં શું ફેર છે?' એણે કહ્યું, 'બાદશાહી ચા પીધા પછી ગ્રાહકોએ કપમાં વધારેલી ચા ગરમ કરીને જનતાને આપીએ એ જનતા ચા.' બાદશાહો (નેતાઓ) અને જનતા (પ્રજા) વચ્ચેનો આવો મીઠો સંબન્ધ આજે પણ સચવાઈ રહ્યો છે.

આજકાલ આરોગ્ય ખાતાના અધિકારીઓ હોટલો પર ત્રાટકીને બિન આરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનો નાશ કરે છે. પણ જે લોકો નિયમિત પણે હપ્તા ચૂકવે છે એમને આવી પ્રક્રિયા માંથી પસાર થવું પડતું નથી. નિયમિત હપ્તા ભરનારી હોટલોમાં તો કાયમ આરોગ્યપ્રદ ખાવાનું જ મળે છે.

સંતાત્માઓ કહે છે, 'કેટલું ક્ષણ ભંગુર છે આપણું જીવન!' આવા નાનકડા જીવનમાં જે થોડી ઘણી વેળાએ હોટલમાં જમવા જઈએ ત્યારે આરોગ્ય –બિન આરોગ્ય ની કડાકૂટ માં પડ્યા વગર આનંદથી ભોજન લેવું. આખરે આપણે જીવીએ શેના માટે? (ખાવા માટે જ ને?)

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

## અભિગમ બદલે તો જીવન બદલાઈ શકે

રીચાર્ડ કાર્લસનનુ એક પુસ્તક 'ડોન્ટ સ્વેટ ધ સ્મોલ સ્ટફ' નાની બાબતમાં અકળાવ નહીં. જરૂર વાંચવા જેવું છે. ઘણીવાર આપણે નાની અમથી બાબતમાં ચીડીયા થઇ જતા હોઇએ છીએ. બહાર નીકળીએ અને ખમીશ પહેરતા ખબર પડે કે એક બટન તુટેલું છે, એમા તો આપણે શોરબકોર મચાવી મુકીએ છીએ. જમતી વખતે દાળમાં મીઠું ઓછું વધતું હોય તો આપણો ગુસ્સો સાતમા આસમાને પહોંચી જાય છે.

આવા પ્રસંગે સમુદ્ર સરખા ગંભીર રહેવું એ આપણું કર્તવ્ય છે. વાત વાતમાં ખળભળી ઉઠે એ દરિયો શાનો..?

માણસ પોતાના જીવન પ્રત્યેનો અભિગમ બદલે તો જીવન બદલાઈ શકે છે. જેને બદલાવું હોય તેજ બદલાય શકે છે. જેને વિકસવું છે તે જ વિકસી શકે છે. કેટલાક માણસો પોતાની જડતાથી વ્યકિતત્વને નુકશાન પહોંચાડે છે.

આપણે સ્વીકારવું જોઇએ કે બધું જ પૂર્ણ નથી હોતું. અપૂર્ણતાને સ્વીકારીએ છીએ ત્યારે ત્યારે જ આપણી ગતિ પૂર્ણ તરફ જાય છે. આક્રમણથી કશું લેવા જઇશુ તો કદી કશું હાથમાં ન આવે. કશાકની પ્રાપ્તિ કરવી હોય તો ધ્યેયની સ્પષ્ટતા હોવી જોઇએ અને મનની પણ સ્વચ્છતા હોવી જોઇએ.અસ્વસ્થ મનને કદી કોઇ ઉકેલ મળતો નથી એકનો એક વિચાર સતત જગ્યા રોકી લે છે તો બીજા વિચારને પ્રવેશવાની તક ન મળે. સ્વકેન્દ્ર માણસને સ્વાર્થી થતા વાર નથી લાગતી. આપણે કોઇકને માટે સારું કરીએ તો બહાર ઢોલ નગારા ન પીટવા જોઇએ. કશુંક સારું થયું હોય તો એનો બધો જ યશ આપણે ન ઓઢી લેવો જોઇએ. દરેક કાર્ય સફળતામાં નાના-મોટા સૌનું યોગદાન હોય છે. દિવસને અંતે રાત્રે સુતી વખતે આપણને કોણે કોણે મદદ કરી છે, કોઇકે આપણને ખાશ મદદ કરી હોય તો સચ્ચાઇથી આભાર માનવો જોઇએ.

કોઇ પણ વાત પહેલાં સાંભળો અને પછી સમજવાનો પ્રયત્ન કરો. દરેક માણસમાં કયાંક ને કયાંક કોઇક નિર્દોષતા છુપાયેલી હોય છે. આપણે દોષને શોધીએ છીએ અને નિર્દોષને અવગણીએ છીએ. કોઇકને ચાહતા હોય તો એ પ્રેમ વાણી અને વર્તનમાં દેખાવો જોઇએ. મિત્રો વચ્ચે મજાક કરીએ એ વાત જુદી છે. પણ કોઇકની ટીકા, નિંદા કર્યા જ કરીએ તો એનો કોઇ અંત નથી. માણસે ખુલ્લા દીલે જીવવું જોઇએ. પ્રત્યેક દિવસ જાણે કે છેલ્લો છે એમ મન ભરીને જીવી લેવું જોઇએ..

સાભાર : લે. સુરેશ દલાલ

## જસ્ટ એક મિનિટ....

એક બાળકીના બન્ને હાથમાં એક - એક સફરજન હતું. એની મમ્મીએ ચહેરા પર સ્મિત સાથે લાડ ભર્યા અવાજે બાળકીને પૂછયું :

'બેટા તારી પાસે બે સફરજન છે એમાંથી એક મમને આપીશ...'

પેલી બાળકી એની મમ્મીના ચહેરા પણ ક્ષણભર તાકી રહી અને પછી ફટાફટ એક સફરજનમાંથી એક બટકું ખાઇ લીધું..અને પછી બીજા સફરજનમાંથી પણ એક બટકું ખાઇ લીધું.

આ જોઇને એની મમ્મીના ચહેરા પરથી સ્મિત ગાયબ થઇ ગયું. એને વિશ્વાસ નહોતો બેસતો કે એની લાડકી દીકરી એની સાથે એવું વર્તન કરે. આઘાતના માર્યા એ ગુસ્સે થવાની અણી પર હતી ત્યાં જ પેલી બાળકીએ પોતે ખાધેલા પૈકી એક સફરજન એની મમ્મીને આપતા કહ્યું :

'મમ્મી લે આ સફરજન ખા. આ સફરજન વધારે મીઠું છે.'

પોતાની નાનકડી દીકરીની આ સમજણ જાઇને એની મમ્મીનો ગુસ્સો તો ઓગળી ગયો અને ભાવ વિભોર બની ગઇ.

એમાંથી આપણે સમજવાનું કે

આપણે વડિલ હોઇએ કે ગમે એવા અનુભવી, ખૂબ જ જ્ઞાની હોઇએ કે ગમે તેટલા હોશિયાર, કોઇના વિશે કોઇ નિર્ણય કે ફેંસલો આપતા પહેલાં એક ક્ષણ થોભી જાઓ.

સામી વ્યકિતને ખુલાસા કરવાની, પોતાનો પક્ષ રજુ કરવાની તક આપો. આપણે જે જોયું - સાંભળ્યુ હોય એવું કલાચ વાસ્તવમાં ન પણ હોય. બીજાની વાતનું તારણ કાઢવા ઉતાવળા ન થવું જોઇએ...

# પ્રભાતના પુષ્પો...

હું જાણું છું કે હૃદય જેવું મારામાં કંઇ રહ્યું નથી મારો આત્મા. તને મળવા માટે કયારનોય પ્રયાણ કરી ગયો છે, છતાં પણ મારા શરીરનું હલનચલન થઇ રહ્યું છે.
એનાં દરેક યંત્રો કામ કરી રહ્યાં છે. આમ શા માટે ?
મને લાગે છે કે મારા દેહમાં જરૂર તારો નિવાસ હોવો જોઇએ, નહિંતર આમ ન બને...
થોડા વખત પહેલાં હું તારે દરવાજે આવ્યો હતો.
દ્વારપાળે પુછ્યું તમે કોણ છો ? મે મારું નામ આપ્યું.
મારી કીર્તિનો ખ્યાલ આપ્યો, જગતભરની જુદી જુદી સંસ્થાઓમાં કરેલાં દાનનો મેં મહિમા ગાયો અને
હું કેવો મહાન માણસ છું એનું ભાન કરાવ્યું, પણ એણે દરવાજા ના ખોલ્યા. હું નિરાશ બની ચાલ્યો ગયો.
ફરી કોઇ મહાન આત્માની લાગવગ લઇને આવ્યો.
દ્વારપાઇને ચીઠ્ઠી વંચાવી. વાંચીને એણે કહ્યું.
આવુ લાગવગનું કામ તમારી દુનિયામાં ચાલે, અહીં કામ નહીં આવે જાઓ...
આ દરવાજો તમારાજેવા માટે સદા બંધ છે, હું ચાલ્યો ગયો..
છેવટે કંટાળીને ત્રીજી વખત તારે દરવાજે આવ્યો..
એ વખતે દ્વારપાલ નહોતો..
અંદરથી કોઇએ પૂછ્યું : 'તું કોણ છે ?' શા માટે આવ્યો ?
મેં જવાબ આપ્યો 'હું કોઇ નથી. મને કોઇપણ સર્વનામ લાગુ પડતા નથી. હું તો માત્ર પરમ પવિત્ર પ્રેમ છું. અને...
અને વાકય પુરું કરું-ન કરું ત્યાં તો દરવાજા એકદમ ઉઘડી ગયા. અને જોયું તો દ્વારપાળની જગ્યાએ તું જ મારું સ્વાગત કરવા તૈયાર ઉભો હતો.
મેં તો મારું સારુંય જીવન તારે ચરણે સમર્પ્યું.
છેએને એથી જ મારા અવસાન પછી
મારી જીવનકથા આલેખનારાઓને
મારે એટલી જ પ્રાર્થના કરવાની છે કે
એ પુસ્તક પણ તને જ અર્પણ કરે...
લે. : વજુકોટક (પ્રભાતના પુષ્પો પુસ્તક માંથી...)

# સેકન્ડ ઈનીંગ્સ

નવયુગમાં ડો. મહેશભાઇનો લેખ 'સેકન્ડ ઈનીંગ્સ' વાંચ્યો. ખરેખર મંથન કરવા યોગ્ય આ લેખ છે. વિચારવા લાયક આ લેખ છે. કદાચ સમાજે આ મંથન ઘણું વહેલું કરવા જેવું હતું. હજુ મોડું થયુ નથી.
આ પ્રશ્ન ફકત વિધવા કે વિદુરને નડે છે એવું નથી. આજે જયારે છુટાછેડાનું પ્રમાણ પણ વધી રહ્યું છુ. અને આમ છુટા થનાર વ્યકિત એકલતા અનુભવે છે. બન્ને કિસ્સામાં સ્ત્રી પાત્રને વધુ સહન કરવાનું આવે છે. એકલા પડેલ સીનીયર સીટીજનમાં સ્ત્રી તો કદાચ બાળકો સાથે સંસારમાં ઓતપ્રોત થઇ સમય પસાર કરી દે છે. પણ પુરૂષો માટે એકલવાથી જિંદગી પસાર કરવી વધુ કઠીન રહે છે.
પુરૂષ હોય કે સ્ત્રી બન્નેને ઢળતી ઉંમરે સહારાની જરૂર તો રહે જ છે. પાત્ર શોધનારે થોડી સાવધાની રાખી યોગ્ય પાત્રની પસંદગી કરવી જોઇએ જેથી પાછળથી પસ્તાવાનો પ્રસંગ ન આવે.
આજે બદલાતો યુગ છે. દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવતું જાય છે. તો આ પ્રથામાં પણ પરિવર્તન જરૂરી છે. સમાજનું શ્રેય ઇચ્છનાર આગેવાનએ આમાં પહેલ કરી મહત્વનો ભાગ ભજવવો પડશે.
આજે લગ્નોત્સુક યુવક-યુવતિના લગ્નમેળા યોજાતા હોય છે. હવે આવા સેકન્ડ ઈનીંગ્સના મેળા પણ યોજવા જોઇએ. કોઇની શેહશરમ રાખ્યા વિના આવા ઇચ્છુક વ્યકિતએ નવયુગના માધ્યમ દ્વારા જાણકારી આપવી જોઇએ. જો યોગ્ય પાત્ર મળતુ હોય, બન્ને રાજી હોય, અનુકુળતા હોય અને ઘરની વ્યકિતઓની સંમતિ હોય તો સમાજે આગળ આવી સાથ આપવો જોઇએ..
બીજા સમાજમાં આવા લગ્ન યોજાય છે. આપણે વાયબ્રન્ટ સમાજની વાત કરતા હોઇએ ત્યારે શા માટે પાછળ રહીએ...? સમાજના દરેક વ્યકિતનું શ્રેય સમાજે વિચારવું જોઇએ....

**પુષ્પાબેન બી. મપારા-વડોદરા**

સેકન્ડ ઈનીંગ્સનો લેખ સમાજમાં એકલવાયુ જીવન જીવતા વડિલો માટે થોડું આશાનું કિરણ લઇ આવ્યું છે. આપણે એમની આશા સફળ થાય અ.વા પ્રયત્નો કરવા જોઇએ. આ માટે મારો સાથ સહકાર હંમેશા રહેશે...

**હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત**

સેકન્ડ ઈનીંગ્સનો લેખ સમાજમાં એકલવાયુ જીવન જીવતા વડિલો માટે થોડું આશાનું કિરણ છે. સાચી વાત છે... સમાજ તો એ લોકો માટે ઘટતું કરશે જ, પણ જે વ્યકિતને જીવનશાથીની જરૂર હોય તો હિંમત કરીને પહેલ કરે... ઘણાં વર્ષો પહેલા આપણાં સમાજના એક વડિલશ્રીને જીવનશાથીની જરૂર લાગતા તેમણે નવયુગમાં જાહેરાત આપી હતી... તો વડિલોને વિનંતી કોઇ શું કહેશે એ છોડીને હિંમત કરો.... 'હિંમતે મર્દા તો મદદે ખુદા' અથવા આપના બાયોડેટા ફોટા સાથે ડો. મહેશભાઇ મિસ્ત્રીને મોકલવા...

**દિનેશ મિસ્ત્રી-અંકલેશ્વર**

**અધુરી કહાની : આવતા અંકમાં.......**

# સંસ્થા સમાચાર......

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ



શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમભાઇ ભાણાભાઇ મિસ્ત્રી વીલ ટ્રસ્ટની સામાન્ય સભા અને વર્ષ ૨૦૧૫-૧૬માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને નોટબુક અને રોકડ સહાય વિતરણનું આયોજન તા. ૫.૬.૨૦૧૬ને રવિવારના રોજ ઘાંચી પંચની વાડીમાં રાખવામાં આવ્યું.

શ્રીમતિ ઉર્વી મિસ્ત્રીએ સામાન્ય સભાની શરૂઆત કરી. ટ્રસ્ટીશ્રી શાંતિલાલભાઇ મિસ્ત્રી, પ્રમુખશ્રી દિપકભાઇ મિસ્ત્રી, મંત્રીશ્રી જતિનભાઇ મહેતા, સહમંત્રીશ્રી દિપેશભાઇ પંચોલી અને ખજાનચીશ્રી સમીર પંચોલીને સ્ટેજ પર બિરાજવા આમંત્રિત કર્યા.અવની પંચોલી અને દીયા પંચોલીએ પ્રાર્થના રજુ કરી. પ્રમુખશ્રી દિપકભાઇએ આવનાર સૌ સભ્યોનું સ્વાગત કર્યુ અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી દરેક કાર્યમાં સફળતા મેળવો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

નોટબુકના દાતા શ્રીમતિ નીલાબેન અને શ્રી રજનીકાંત ઇચ્છારામભાઇ પંચોલીને સ્ટેજ પર આમંત્રિત કરી પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવા કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી દિપકભાઇએ દાતાશ્રીનો આભાર માન્યો હતો. કે જેમણે સમાજમાં એક સુંદર અનુકરણિય કાર્ય કરી સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં ઉત્તિર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ દાતાશ્રી શ્રીમતિ નીલાબેન તેમન શ્રી રજનીકાંતભાઇ ઇચ્છારામભાઇ પંચોલીના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યું.

| | | |
|---|---|---|
| નર્સરી | જેનિલ જીજ્ઞેશકુમાર ભરતવાલા | એ+ |
| જુ. કેજી | રીતુ વિપુલભાઇ પંચોલી | ,, |
| સી.કે.જી | દુર્વા સુકેતુભાઇ પંચોલી | ,, |
| ૧ | ઉર્વી હિતેશભાઇ મિસ્ત્રી | ૯૬ |
| | નિલ જતીનભાઇ મહેતા | એ |
| | હિર દીપેશભાઇ પંચોલી | ૯૭ |
| ૨ | જાન્વી કૌશિકભાઇ મિસ્ત્રી | બી+ |
| | મુદ્રા નિકુંજભાઇ મિસ્ત્રી | ૮૪.૩૩ |
| | રૂષભ કલ્પેશભાઇ પંચોલી | ૮૭.૮૩ |
| | નેત્રા સુકેતુભાઇ પંચોલી | એ |
| ૩ | દીશા હિતેશભાઇ મિસ્રી | ૭૩ |
| | મહેંક વિજયભાઇ મિસ્ત્રી | ૬૪.૬૬ |
| ૪ | દર્શિત અનિશકુમાર પંચોલી | ૬૦ |
| | ક્રિષા કિરણભાઇ પંચોલી | ૮૪ |
| ૫ | ધૃવી અનિશકુમાર પંચોલી | ૬૦ |
| | વૃત્તિ શીતલભાઇ પંચોલી | ૮૪.૨૯ |
| | રૂદ્ર પ્રણવકુમાર પંચોલી | ૯૧ |
| ૬ | કબીર મનિષભાઇ પંચોલી | ૯૦.૧૩ |
| ૭ | ઇસાન તરંગકુમાર મિસ્ત્રી | ૯૪ |
| | નેન્સી મિતેષકુમાર પંચોલી | ૫૭.૫૦ |
| | પ્રાચી કલ્પેશભાઇ પંચોલી | ૫૨ |
| ૮ | ભુમી હેમંતભાઇ મહેતા | ૫૨.૮૯ |
| | જૈમિન પિયુષભાઇ પંચોલી | ૬૭.૧૧ |
| | વાસુદેવ કૌશિકભાઇ મિસ્ત્રી | સી. |
| ૯ | કુશલ કલ્પેશભાઇ પંચોલી | ૫૩.૫૭ |
| | ઝીનલ નિલેશભાઇ મિસ્ત્રી | બી-૧ |
| | ભાવી તરંગકુમાર મિસ્ત્રી | ૮૦.૭૧ |
| | અવની આનંદભાઇ પંચોલી | ૮૦.૮૫ |
| | દીયા સમીરભાઇ પંચોલી | ૭૨.૫૭ |
| | મૈત્રી મિતેષભાઇ પંચોલી | ૬૯.૭૧ |
| ૧૦ | દ્દષ્ટિ કિરણભાઇ પંચોલી | ૫૭.૬૬ |
| | સ્વરા કમલેશભાઇ પંચોલી | ૬૭.૬૬ |

નોટબુક વિતરણ બાદ સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. જેમાં શ્રી ઉત્તમભાઇ ભાણાભાઇ મિસ્ત્રી વીલ ટ્રસ્ટના

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર નગીનભાઈ મિસ્ત્રી મુંબઈ સ્વ. કમલનયન નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઈ

ટ્રસ્ટી પદ પરથી શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ રાજીનામું આપ્યું હતું તેમની જગ્યાએ નવા ટ્રસ્ટી તરીકે શ્રી નિલેશભાઇ શરદભાઇ મિસ્ત્રીની નિમણૂંક સભામાં હાજર રહેલા જ્ઞાતિજનોએ સર્વ સંમતિથી મંજુરી આપી હતી.

સમાજના સભ્યોના મનોરંજન માટે એક ફિલ્મી કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કવીઝ સ્પર્ધામાં ૩ રાઉન્ડ રમાડવામાં આવ્યા જેના વિજેતા અંજલી પંચોલી, રીટા પંચોલી અને અલ્પા મહેતા વિજેતા થયા હતા. આ કવીઝનું સંચાલન જતિન પંચોલી અને ઉર્વી મિસ્ત્રીએ કર્યુ હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રીતિબેન પંચોલીએ સેવા આપી હતી.

ત્યારબાદ સુંદર ફન ગેમ રમાડવામાં આવી. આ ફન ગેમ સમીર પંચોલી અને દીપેશ પંચોલી દ્વારા સમાજના દરેક સભ્યોનું સુંદર રીતે મનોરંજન પુરૂ પાડ્યું હતું. સંગીત સ્પર્ધા રમાડવામાં આવી જેમાં પ્રથમ બાળકો, પછી યુવાનો અને પછી વડિલો એમ ત્રણ ગૃપમાં સંગીત ખુરશીની રમત રમાડવામાં આવી. ૬૦ થી ૭૦ વર્ષના વડિલો પણ સંગીત ખુરશી રમ્યા.. વડિલોએ પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું કે આવી રમત વડિલોને રમાડવા બદલ સમાજની પ્રસંશા કરી.

નવસારી નિવાસી ગં.સ્વ. ભાનુબેન પ્રવિણભાઇ મિસ્ત્રીએ રૂા. ૫,૦૦૦/- દાખલ ફી અને રૂા. ૧૦૦ વાર્ષિક સભ્ય ફી એમ ૫૧૦૦/- રૂપિયા ભરી શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના નવા સભ્ય બન્યા હતાં. પ્રમુખશ્રી દીપકભાઇએ તેમને આવકારી સભ્ય બનવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

આજના પ્રસંગે આવેલ દાન

| | |
|---|---|
| ૧૭,૭૪૩ | શ્રી રજનીકાંતભાઇ આઇ. પંચોલી |
| ૧,૦૦૧ | શ્રી પ્રણવકુમાર એમ. પંચોલી |
| ૨૫૧ | શ્રી સમીર જે. પંચોલી |
| ૧૫૧ | શ્રી દિપકભાઇ નટવરલાલ મિસ્ત્રી |
| ૧૦૧ | શ્રી નિલેશભાઇ એસ. મિસ્ત્રી |
| ૧૦૧ | શ્રી હિતેશ એસ. મિસ્ત્રી |
| ૧૫૧ | શ્રી મહેશભાઇ જી. પંચોલી |
| ૧૫૧ | શ્રી જશભાઇ પંચોલી |
| ૧૦૧ | શ્રી અનિશભાઇ એસ. પંચોલી |
| ૧૦૧ | શ્રી શરદચંદ્ર એસ. મિસ્ત્રી |
| ૧૦૧ | શ્રી હેમંતભાઇ વી. મહેતા |
| ૧૦૧ | દીપેશભાઇ જી. પંચોલી |
| ૧૫૧ | શ્રી નવિનભાઇ હીરાલાલ પંચોલી-સુરત |
| ૧૫૧ | શ્રી કલ્પેશભાઇ જે. પંચોલી |
| ૧૪૦ | શ્રી જયંતિભાઇ જી. પંચોલી-ગેસ્ટ ફી |
| ૭૦ | શ્રી વિનોદભાઇ એમ. પંચોલી-ગેસ્ટ ફી |

અંતમાં મંત્રીશ્રી જતિનભાઇએ દાતાશ્રી અને ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર સમાજના દરેક સભ્યોનો આજના આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વર્ષ ૨૦૧૬-૧૭ની કારોબારીની સભા નં. ૧નું આયોજન તા. ૧૫.૦૫.૨૦૧૬ના રવિવારે બપોરે ૩ કલાકે પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મીરારોડ મુકામે રાખવામાં આવી હતી. જેમાં કુલ ૧૯ સભ્યોની હાજરીથી સભાની શરૂઆત મંત્રી શ્રી પરાગભાઇ મિસ્ત્રીએ કરી હતી. સૌ પ્રથમ મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ નવા વરાયેલાં પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રીને અભિનંદન પાઠવ્યા હતા તેમજ નવા કારોબારી સભ્યોનું સ્વાગત કર્યુ હતું.

એજન્ડા : ૧ ગત મિટિંગની મિનિટસનું વાંચન મંત્રીશ્રી પરાગભાઇએ કર્યુ અને તેને સર્વાનુમતે મંજુરી આપી હતી.

એજન્ડા : ૨ નવા કારોબારી સભ્યોની જાહેરાત તેમજ અન્ય સંચાલન સમિતિની રચનાની રજુઆત રાહુલભાઇ મિસ્ત્રીએ કરી હતી. જે નીચે મુજબ છે... જેમાં

| | |
|---|---|
| શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ | પ્રમુખ |
| શ્રી મુકેશભાઇ હિરેન્દ્રભાઇ ઝવેરી-અંધેરી | ઉપપ્રમુખ |
| શ્રી વિશાલભાઇ કમલભાઇ કાપડિયા-ખેતવાડી | ઉપપ્રમુખ |
| શ્રી પરાગભાઇ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ | મંત્રી |
| શ્રી કમલભાઇ ઈશ્વરલાલ મિસ્ત્રી-ખેતવાડી | સહમંત્રી |
| શ્રી કુંતલભાઇ પ્રફુલભાઇ પંચોલી-મીરારોડ | ખજાનચી |
| શ્રીમતિ કેતનાબેન મનિષભાઇ પંચોલી-અલંકાર | સહખજાનચી |
| શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી-અંધેરી | સહખજાનચી |
| શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી-સાંતાક્રુઝ | ઓડીટર |
| શ્રી ચેતનભાઇ મોહનલાલ કાપડિયા-મીરારોડ | કા. સભ્ય |
| શ્રી કલ્પેશભાઇ ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર | ,, |
| શ્રી રાકેશભાઇ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ | ,, |
| શ્રી હર્ષકુમાર ભાવિકભાઇ કાપડિયા-મીરારોડ | ,, |
| શ્રી પ્રતિકકુમાર કમલેશભાઇ પંચોલી-બોરીવલી | ,, |
| શ્રી મયૂરકુમાર જગદીશભાઇ મિસ્ત્રી-મીરારોડ | ,, |
| શ્રી કમલેશભાઇ ધીરજલાલ પંચોલી-દુભાષલેન | ,, |
| શ્રી નયનકુમાર નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ | ,, |
| શ્રી હિરલકુમાર સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી | ,, |

નવયુગ શુભચિંતક શ્રી બીપીનભાઇ રામલાલ મપારા મુંબઇ શ્રી દેવેન્દ્રકુમાર મગનલાલ મિસ્ત્રી મુંબઇ

શ્રી નિષાંતકુમાર મયંકભાઇ મિસ્ત્રી-ગોરેગાવ ,,
શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-મુંબઇ ,,

**પ્રમુખ – ભગીની સમાજ મુંબઇ**
શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર

**પ્રમુખ–આવિષ્કાર ગ્રુપ :** શ્રી નકુલભાઇ ભાવિકભાઇ કાપડિયા

